રાજ્ય, કમિશ્નરેટ અને જીલ્લા કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીઓ દ્વારા કરવાની થતી **કામગીરી બાબતે માર્ગદર્શન.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સરક્ષ/૧૦૨૦૧૩/૧૩૭૫/ટ
સચિવાલય, ગાંધીનગર.
તા. 03/06/૨૦૧૩

**વંચાણે લીધા**

ગૃહ વિભાગના તા.૨૬/૦૯/૨૦૧૨ના બે ઠરાવો ક્રમાંક:પીડબલ્યુ એફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.

**આમુખ :**

ગુજરાત રાજ્યમાં તમામ નાગરિકો કોઇ પણ જાતના ભેદભાવ વગર શાંતિથી રહી શકે, દરેકને સમાન તકો મળે અને તમામના સહયોગથી લોકાભિમુખ વહીવટનો ઉદ્દેશ પાર પાર પાડી શકાય તે માટે, વિશ્વ ભાઇચારાનો ઉદ્દેશ સિધ્ધ કરવા, સક્રિય સમાજની રચના કરવા, પોલીસ અને પ્રજા વચ્ચે માહિતી અને વિચારો તેમજ કાર્યવાહીનું સંકલન કરી પોલીસની હકારાત્મકતા વધારવા અને ગુજરાતને દુનિયાનું સૌથી સલામત રાજ્ય બનાવવા રાજ્ય સરકાર કૃત નિશ્ચયી છે. આ માટે પોલીસની કામગીરીમાં જાહેર જનતાનો સહયોગ મળે જ્યારે સામે પક્ષે જનતા પણ પોલીસ સાથેના વ્યવહારો, વાર્તાલાપ દરમ્યાન નિર્ભયતા અનુભવે તે આવશ્યક છે. ગુજરાત પોલીસની કામગીરી વધુ કાર્યક્ષમ, પરિણામલક્ષી અને લોકાભિમુખ બનાવવા હેતુથી ગૃહ વિભાગના ઉપર આમુખમાં દર્શાવેલ તા.૨૬/૦૯/૨૦૧૨ના બે ઠરાવઓથી "સુરક્ષા સેતુ" ની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

પોલીસ માત્ર ગુનો કે એફ.આઇ.આર નોંધવા માટે જ નથી, પરંતુ પ્રજાનો મિત્ર પણ છે. પોલીસ રહેણાંક વિસ્તારોની મુલાકાત કરશે અને વિશ્વાસ સંપાદીત કરવા માટે પહેલ કરશે, એવો અભિગમ છે.

આ યોજનાના અભિગમમાં પોલીસનું સેન્સીટાઇઝેશન અને લોકોનો સહકાર ખૂબ મહત્વની બાબત છે. પ્રતિષ્ઠિત નાગરિકો, સારી કામગીરી કરનાર એન.જી.ઓને વિવિધ પ્રકારની યોજનાઓ સંબંધની કામગીરી સોંપી શકાશે. પોલીસે તેમાં મોનિટરીંગ કરવાનું રહેશે.

**સુરક્ષા સેતુ સોસાયટીઓની રચના :-**

આ યોજના અંતર્ગત રાજ્ય કક્ષાની ૧, પોલીસ કમિશ્નરેટ કક્ષાની ૪ અને તમામ જીલ્લાઓની ૨૭ મળીને કુલ ૩૨ "સુરક્ષા સેતુ સોસાયટી"ઓની રચના કરવામાં આવેલ છે. આ તમામ

સોસાયટીઓ, ગુજરાત સોસાયટી અધિનિયમ ૧૯૬૦ તેમજ મુબંઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ અંતર્ગત રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. પ્રજાલક્ષી, લોકાભિમુખ હોય તેવા નવા વિચારો/યોજનાઓ અમલમા મુકવા માટે હાલના નાણાકીય નિયમો, સત્તા સોંપણી અને વહિવટી પ્રક્રિયાઓને લીધે તંત્રને કેટલીક મર્યાદાઓ રહે છે.પરંતું આ સોસાયટીઓ સ્વાયત હોવાથી ઝડપી અને પરિણામલક્ષી કામગીરી થઈ શકશે.

રાજ્ય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી સમ્રગ રાજ્ય માટે નોડલ એજન્સી તરીકે કામ કરશે અને કમિશ્નરેટ તેમજ જીલ્લા કક્ષાની સોસાયટીઓની પ્રવૃત્તિઓના અમલીકરણ માટે માર્ગદર્શન, સંકલન અને સંચાલન કરશે.

પોલીસ કામગીરીમાં કોઇ જટીલ પ્રશ્ન હોય તો આ યોજનામાં નાણાકીય જોગવાઇથી હલ કરી શકાશે.

<u>પરિપત્ર</u> :-

સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ક્યા પ્રકારની કાર્યવાહી હાથ ધરી શકાય તે બાબતે પુખ્ત વિચારણાના અંગે નીચે મુજબની સૂચનાઓ આથી જાહેર કરવામાં આવે છે :-

<u>સુરક્ષા સેતુ સોસાયટીઓ દ્વારા કયા પ્રકારની કામગીરી/યોજનાઓ હાથ ધરી શકાશે.</u>

સુરક્ષા સેતુ સોસાયટીઓના સફળ સંચાલન, યોજનાઓ/કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારના હેતુઓ સિધ્ધ થાય તે માટે દરેક સુરક્ષા સેતુ સોસાયટી સામાન્ય રીતે કયા પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી શકે તેની ઉદાહરણાત્મક યાદી આ સાથેના <u>પરિશિષ્ટ-૧</u> મુજબ આપવામાં આવે છે.

<u>સોસાયટીઓને ગ્રાન્ટઅને ખર્ચ કરવા અંગે.</u>

(૧) રાજ્ય સરકાર દ્વારા મળનાર ગ્રાંટ રાજ્યકક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીને ફાળવવામાં આવશે. રાજ્ય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી/તમામ જિલ્લા અને કમિશનરેટ કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીઓને તબક્કાવાર ફાળવણી કરાશે.

(૨) તમામ કક્ષાની સોસાયટીઓએ, રાજ્યકક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની તા. ૧૦.૦૫.૨૦૧૩ની એક્ઝીક્યુટીવ કમિટીની મીટીંગએ મંજુર કરેલ ડેલીગેશન ઓફ પાવર્સની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.( <u>પરિશિષ્ટ-૨</u> તરીકે નકલ સામેલ છે)

(૩) જીલ્લા/કમિશ્નર કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીઓ દ્વારા આ ગ્રાંટમાંથી સામાન્ય નાણાકીય નિયમોને આધીન રહીને જે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. સ્થાનિક પરિસ્થિતિ/સંજોગો અનુસાર કરવા પડતા ખર્ચ અંગે એક્ઝીક્યુટીવ કમિટીના ચેરમેનની પુર્વ મંજુરી લેવાની રહેશે. દર મહિને ખર્ચની વિગતો પત્રક રૂપે સુરક્ષા સેતુ સોસાયટી (રાજ્યકક્ષા) ગાંધીનગરને મોકલવાની રહેશે.

(૪) રૂ. ૫૦ હજાર સુધીનો કોઈ પણ ખર્ચ એક્ઝીક્યુટીવ કમિટી વિના ટેન્ડરે મંજુર કરી શકશે.

(૫) રૂ.૫૦ હજારથી રૂ. ૧.૦૦ લાખ સુધીનો ખર્ચ ઓછામાં ઓછા ત્રણ (૩) ક્વોટેશન્સ મંગાવીને, સોસાયટીના અધિકારીઓની આંતરિક ખરીદી સમિતી બનાવીને યોગ્ય પ્રક્રિયાથી મંજુર કરવાનો રહેશે.

(૬) રૂ. ૧.૦૦ લાખથી વધુ અને રૂ. ૫.૦૦ લાખ સુધીનો ખર્ચ અને ખરીદી સામાન્ય ટેન્ડર પધ્ધતિ અપનાવીને કરવાનો રહેશે.

(૭) રૂ. ૫.૦૦ લાખથી વધુ રકમનો ખર્ચ અને ખરીદી માત્ર ઈ-ટેન્ડરીંગ પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૮) સોફ્ટવેર ડેવલોપ કરવાની બાબત GIL,GIPL,GNFC વિગેરે સરકાર માન્ય એજન્સી પાસેથી મદદ લઈને કરાવવાની રહેશે.

(૯) ટ્રાફિક નિધિ માટે ગૃહ વિભાગ તરફથી અલગ ઠરાવથી સૂચનાઓ અને નાણાંકીય ભંડોળ ફાળવવામાં આવેલ છે જેથી ટ્રાફિક નિધિને લગતો કોઇ ખર્ચ સુરક્ષા સેતુ સોસાયટીમાં પાડવાનો નથી.

(૧૦) પોલિસ આધુનિકરણ કામગીરી માટે કેન્દ્ર સરકાર કે કેન્દ્ર સરકારના આધુનિકરણ ભંડોળ અન્વયે અલગ ભંડોળ ફાળવવામાં આવેલ છે જેથી પોલીસ આધુનિકરણને લગતો કોઇ ખર્ચ સોસાયટીમાંથી પાડવાનો નથી.

(૧૧) સોંપવામાં આવેલ નાણાકીય સત્તા અને મંજુરી થયેલ બજેટની મર્યાદામાં જ ખર્ચ/ખરીદી કરવાને રહેશે.

(૧૨) બજેટની મર્યાદા બહાર ખર્ચ કરવાના સંજોગો ઉભા થાય તો રાજ્યકક્ષાની સુરક્ષા સેતુની એક્ઝીક્યુટીવ કમિટીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૧૩) હિસાબો, વહીવટી મદદ વિગેરે માટે કરારના ધોરણે રૂ! ૨૦,૦૦૦/- સુધીના માસિક વેતનથી પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ નિમી શકશે.

(૧૪) હિસાબોનું ઓડિટ રાજ્ય કક્ષાની સુરક્ષા સેતુ દ્વારા નિમાયેલ ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા કરાવવાનું રહેશે. હિસાબો ગવર્નીંગ કાઉંસીલ પાસે મંજુર કરાવવાના રહેશે.

<u>સોસાયટીની અન્ય બાબતો.</u>

(૧) ગવર્નીંગ કાઉન્સીલની મીટીંગ સામાન્ય રીતે વર્ષમા એક વાર બોલાવવાની રહેશે. એક્ઝીક્યુટીવ સમિતીની મીટીંગ દર ત્રણ માસે એક વાર બોલાવવાની રહેશે. દરેક બેઠકની કાર્યવાહી નોંધની એક નકલ સુરક્ષા સેતુ સોસાયટી (રાજ્યકક્ષા)ને મોકલવાની રહેશે.

(૨) ગવર્નીંગ કાઉંસીલમાં ત્રણ બિનસરકારી સભ્યોની નિમણુંક માટે ૬(છ) સૂચિત સભ્યોના નામોની દરખાસ્ત સુરક્ષા સેતુ સોસાયટી (રાજ્યકક્ષા)ને મોકલવાની રહેશે. જેમાંથી ત્રણ સભ્યો નિમણુંક માટે નક્કી કરવામાં આવશે.

(૩) સુરક્ષા સેતુ સોસાયટીઓ માટે નીતિ ઘડવા અને તેનું સંચાલન કરવા માટે ગવર્નીંગ કાઉન્સીલ અને એક્ઝીક્યુટીવ કમિટીની રચના કરવામાં આવેલ છે જેના નિર્દેશો અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

<u>સુરક્ષા સેતુ કેન્દ્રો શરૂ કરવાં.</u>

(૧) હાલમાં ચાર પોલીસ કમિશ્નરેટ હેઠળ સુરક્ષા સેતુ કેંદ્ર શરૂ કરવા નિર્ણય થયેલ છે. આ કેંદ્રો દ્વારા મુખ્યત્વે ગુમ થયેલ વ્યક્તિ, ગુમ થયેલ વાહન, ગુમાવેલ મિલકત, ગુમ થયેલ પાસપોર્ટ વિગેરે માટે વિગતો આપવાની, હથિયારો માટે લાયસન્સ રીન્યુઅલ, નાં-વાંધા પ્રમાણપત્ર, પોલીસ મંજુરી, પોલીસબેંડ બુકીંગ, ટ્રાફિક ચલણ ચુકવણી વિગેરે તેમજ સામાન્ય જનતાને પોલિસ પાસેથી મેળવવાની સેવાઓ પ્રજાને પુરી પાડવાની રહેશે.

(૨) સુરક્ષા સેતુ કેન્દ્ર સીન્ગલ વીન્ડો તરીકે કાર્યરત રહેશે, જે માટે પ્રમાણપત્ર/મંજુરી અર્થે અરજી દીઠ પ્રમાણપત્ર માટે નિયત ચાર્જ વસુલવાનો રહેશે.

(૩) તમામ જીલ્લાઓમાં સુરક્ષા સેતુ કેંદ્રની સ્થાપના કરવા માટે સુરક્ષા સેતુ સોસાયટી (રાજ્યકક્ષા)ને દરખાસ્ત મોકલવાની રહેશે.

(૪) આર.ટી.આઈ, વિધાનસભા પ્રશ્નો વિગેરે દ્વારા માંગવામા આવતી માહિતી/જવાબ સરળતાથી ઉપલબ્ધ બને તે માટે જરૂરી રેકોર્ડનો નિભાવ અને જાળવણી કરવાની રહેશે.

સુરક્ષા સેતુ સોસાયટીનો જે લોગો મંજૂર થયેલ છે તે લોગોનો ઉપયોગ તમામ કાર્યક્રમો, સાહિત્યમાં કરવાનો રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનો તમામ સંબંધિતોએ ચુસ્ત અમલ કરવા તથા તમામ અધિકારી/કર્મચારીઓના ધ્યાને લાવવા આથી વિનંતી છે.

<u>બિડાણ</u> : પરિશિષ્ટ-૧ અને ૨

(એન.કે.મકવાણા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી).

(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અ.મુ.સ.શ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.

(૪) તમામ માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

(૫) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) તમામ અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૭) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પો.ભ., ગાંધીનગર.

(૮) પોલીસ મહાનિરિક્ષકશ્રી, સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો અને સભ્ય સચિવશ્રી, ગાંધીનગર.

(૯) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વ વિભાગીય પોલીસ વડાશ્રીઓ.

(૧૦) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ નિગમો.

(૧૧) પોલીસ કમિશનરશ્રીઓ-અમદાવાદ/ રાજકોટ / વડોદરા / સુરત.

(૧૨) તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.

(૧૩) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

(૧૪) તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રીઓ. (સુરક્ષા સેતુ સોસાયટીની ગર્વનીંગ કાઉન્સિલના તમામ સભ્યોશ્રીઓને આ પરિપત્રની નકલ મોકલવા વિનંતી સહ)

(૧૫) માહિતી કમિશનરશ્રી, ગુ.રા., ગાંધીનગર-બહોળી પ્રસિધ્ધિ આપવા વિનંતી સહ.

(૧૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.

(૧૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.

(૧૮) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

(૧૯) ગૃહ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.

(૨૦) શાખા સિલેક્ટ ફાઇલ.

ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક:સરક્ષ/૧૦૨૦૧૩/૧૩૭૫/ટ તા.૦૩.૦૬.૨૦૧૩ સાથેનું જોડાણ

## પરિશિષ્ટ- ૧

સુરક્ષા સેતુ સોસાયટીઓએ હાથ ધરવાની પ્રવૃત્તિઓ/યોજનાઓની યાદી.

(અ) સામાન્ય સૂચનાઓ:-

(૧) આ યાદી ઉદાહરણાત્મક છે, આખરી નથી. સ્થાનિક સ્થિતિને અનુલક્ષીને દરેક સોસાયટી તેમને યોગ્ય જણાય તેવી યોજના/પ્રવૃત્તિ હાથ ધરી શકશે.

(૨) ગૃહ વિભાગ કે અન્ય વિભાગો દ્વારા જ અન્ય યોજનાઓ અમલમાં હોય તેવી યોજનાઓનુ પુનરાવર્તન ન થાય તે જોવાનું રહેશે..

(૩) આ યોજનાઓના અમલમાં પોલીસની ભૂમિકા મહદ્અંશે મોનિટરીંગની રહેશે.

(૪) પોલીસ અધિકારી/કર્મચારીઓની હાલની જે જવાબદારીઓ/ફરજો પ્રવર્તમાન નિયમો/ કાયદાઓથી નિયત થયેલ છે, તે ઉપરાંત સુરક્ષા સેતુની કામગીરી કરવાની છે.

(૫) કોઇ પ્રકારની સ્થાયી મિલ્કત/કાયમી જવાબદારી ઉભી થાય તેવી યોજનાઓ લઈ શકાશે નહીં. મોર્ડનાઈઝેશન ઓફ પોલિસ ફોર્સ/ટ્રાફિક માટેનો ખર્ચ જે તે ફંડમાંથી કરવાનો રહેશે.

(૬) ગુનાઓ બનતા અટકાવવા, કાયદા/નિયમોથી જાહેર જનતાને વાકેફ કરવી, નિયમો /કાયદાઓનું પાલન થાય તેવા હેતુ સિધ્ધ થતા હોય તેમજ જાહેર જનતાના હિતમાં હોય તેવી યોજનાઓ લેવાની રહેશે.

(૭) યોજનામાં પારદર્શકતા અને જાહેર જનતાનું હિત મહત્વની બાબતો છે.

(૮) જાહેર જનતાના પોલીસ પ્રત્યેના હાલના અભિગમમાં બદલાવ આવે અને ગુણાત્મક ફાયદો થતો હોય તેવી કોઈ પણ યોજના/વિચાર અમલમાં મૂકી શકાશે.

(બ) કયા પ્રકારની યોજનાઓ/ પ્રવૃત્તિઓ લઈ શકાય તેની ઉદાહરણાત્મક યાદી.

(૧) પ્રજામાં સલામતીની ભાવના તથા જાગૃતિ પેદા કરવા માટે સાહિત્ય/સી.ડી./સદભાવના પોસ્ટર વગેરે પ્રદર્શિત કરવા.

(૨) દરેક જિલ્લામાં અને પોલીસ કમિશનર દીઠ "સુરક્ષા સેતુ કેન્દ્ર"ની સ્થાપના જાહેર જનતા સહેલાઈથી સંપર્ક કરી શકે તેવી જગ્યાએ કરવી.

(૩) પોલીસ કાર્યવાહીમાં મદદ કરનાર નાગરીકોને પબ્લીક એવોર્ડ એનાયત કરવાની બાબત વિચારવી.

ઉપ સચિવ

ગાંધીનગર

(૪) જીલ્લાઓમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પબ્લીક પોલિસીંગ જાગૃતિ લાવવા, ગુન્હા અટકાવવા, પ્રજાએ "શું કરવું" અને "શું ન કરવું" તેની યાદીઓ, સાયબર ગુન્હા વિગેરે પ્રદર્શિત કરવા માટે "સુરક્ષા સેતુ રથ"ની સ્થાપના કરવી.

(૫) ટ્રાફિકના નિયમોનું પાલન અને ટ્રાફિક અંગે બાળકોને જાગૃત કરવા સ્લોગન, વકતૃત્વ સ્પર્ધા, હોડીંગ્સ, જાહેરાતો, ટ્રાફિક પાર્ક, રમત ગમત, ટ્રી પ્લાંટેશન, બ્લડ ડોનેશન કેમ્પ, પીકનીક વિગેરેનું આયોજન કરવુ.

(૬) વિધાર્થીઓ અને તેમના વાલીઓ એક સાથે કાઉંસેલીંગ/સેમિનાર યોજવો. કારકીંદી અને રોજગાર માટે પ્રોફેશનલ કાઉંસેલર્સ દ્વારા માર્ગદર્શન અપાવવું. આ માટે NGO, ટ્યુશન કલાસીસના સંચાલકોનો સંપર્ક કરવો. ખાસ કરીને પરીક્ષાના પરિણામોના સમયગાળા દરમ્યાન વિશેષ રૂપથી કાઉન્સેલીંગના વર્ગો શરૂ કરવા.

(૭) સિનીયર સિટીઝનને આઈ.ટી.ના કોઈ માધ્યમથી પોલીસ સ્ટેશન સાથે કોઈ રીતે વાતચીત માટેનું જોડાણ આપવું, જેમાં આઈ.ટી. એન્જીનીયરની મદદ પણ લઈ શકાશે જેનાથી મુશ્કેલીના સમયમાં પોલિસનો તુરંત સંપર્ક થઈ શકે.

(૮) શાળાના બાળકો સાથે પોલિસનો સંપર્ક હકારાત્મક દૃષ્ટિકોણ સાથે જળવાઈ તે માટે ટ્રાફિક અવેરનેશ પ્રોગ્રામ વિગેરેનુ આયોજન કરવું.

(૯) વિદેશોમાંથી આવતી છોકરીઓનુ ગેરકાયદેસર વેચાણ થાય છે જેથી તેઓ લોહીના વેપારમાં ધકેલાય છે. આવા કિસ્સાઓ શોધવામા પોલીસમિત્રની મદદ લેવી. આવી મહિલાઓનું પુનઃ સ્થાપન જરૂરી છે. (કયા NGO કઈ કામગીરીમાં પ્રભુત્વ ધરાવે છે અથવા તેમની પાસેથી કયા પ્રકારની કામગીરી લઈ શકાયતેમજ મનોચિકિત્સકો, કાઉંસેલર વિગેરેની યાદી દરેક પોલીસ સ્ટેશનમાં હોવી જોઈએ.)

(૧૦) બળાત્કાર અથવા ઘરેલુ હિંસાનો ભોગ બનેલ પીડીત મહિલાને NGO/મનોચિકિત્સકની મદદથી કાઉન્સેલીંગ સેવાઓ પુરી પાડવી.

(૧૧) મહિલાઓ સાથેના ગુનાઓમાં ઘણીવાર ભોગ બનનાર કે વાલીઓ વિગતો જાહેર કરતા હોતા નથી, જે જાહેર કરવા પ્રોત્સાહિત કરવા. સોશિયલ મિડીયા તેમજ એસ.એમ.એસ., એમ.એમ.એસ, પીછો કરવો વિગેરે બાબતોમાં મહિલાઓનું બ્લેક-મેઈલીંગ અટકાવવુ.

(૧૨) કામ કરતી મહિલાઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષિત પહોંચે તેની જવાબદારી નોકરીદાતા સંસ્થાની છે. રાત્રે ૮.૦૦ કલાક પછી કોઈ પણ મહિલા પોતાને અસુરક્ષિત મહેસુસ કરે તો ૧૦૦ નંબર ઉપર ફોન્ કરવાથી પોલિસની મદદ આપવી અને

ગાંધીનગર

તેમને PCR વાન (જેમાં ડ્રાઈવર સિવાય મહિલા કોન્સ્ટેબલ હોય)ની મદદથી સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૧૩) મહિલાઓનું સશક્તિકરણ કરવા માટે તેમને સ્વરક્ષણની તાલીમ આપવી. મહિલાઓ ગરીબ હોય તેમનો પુરેપુરો ખર્ચ આ યોજનામાંથી કરવામાં આવશે.

(૧૪) ઝુંપડપટ્ટી વિસ્તારની મહિલાઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દા.ત. બૂટલેગીંગ, અટકાવવા તેમનું પુનઃવસન કરવું, પોલીસ દ્વારા બેંકર્સ સાથે મુલાકાત, અને આવી મહિલાઓને લોન અપાવવી, વ્યવસાયી તાલીમ પણ અપાવવી, જેમાં માર્જીન મનીની વ્યવસ્થા સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા કરી શકાશે.

(૧૫) વધતા જતા સાઇબર ક્રાઇમ સામે લોકોમાં જાગૃતિ લાવવી, ફેસબુક અને ઇંટરનેટ વિગેરે જેવા માધ્યમોથી સાઇબર ક્રાઇમનો ભોગ બનનાર વ્યક્તિ, પોતે ભોગ બનવા છતાં માહિતી આપવા કે ફરિયાદ આપવા આગળ આવતા નથી, જે આગળ આવે તે પ્રકારે લોકોમાં જાગૃતિ લાવવી (આમ થશે તો આવો ગુનો કરનાર સુધી મેસેજ જશે અને ગુનાનો દર ઘટાડી શકાશે.)

(૧૬) ગુનાઓ થતા બનતા અટકાવવા માટે બહોળી પ્રસિધ્ધિ, પ્રચાર , પ્રસાર અને કેમ્પેઇનનું આયોજન કરવું.

(૧૭) સુરક્ષા સેતુ સોસાયટી" યોજનાની વિગતો  કેમ્પેઇનના રૂપમાં લોકો સમક્ષ રજુ થવી જોઇએ જેથી લોકો પોલીસને સહકાર આપવા આગળ આવે.

(૧૮) શારીરિક હિંસાનો ભોગ બનેલ, બળાત્કાર થયેલ હોય તેવી વ્યક્તિ, અપહૃત થયેલ વ્યક્તિને યોગ્ય માર્ગદર્શન અને કાઉંસેલીંગ કરવું જોઇએ. આ માટે મનોચિકિત્સક અનેસમાજ શાસ્ત્રીઓની સેવાઓ (ચોકકસ ચુકવણીના ધોરણે) લેવી જોઇએ.

(ક) <u>તમામ પોલિસ સ્ટેશનોએ કરવાની કામગીરી.</u>

(૧) મહિલાઓ માટે હેલ્પડેસ્કનું આયોજન કરવું.

(૨) મહિલાઓને સ્વરક્ષણની તાલીમ.

(૩) "પોલીસ મિત્ર"ની યોજનાનો અમલ.

(૪) શાળાના બાળકોની પોલિસ સ્ટેશનની મુલાકાત.

(૫) શાળા-કોલેજના વિધાર્થીઓના પ્રવાસમાં પોલિસ સ્ટેશનની મુલાકત.

(૬) સેમીનાર, નિદર્શનો, પ્રશ્નોત્તરી, ચિત્રકલા હરીફાઈ, લોકદરબાર વિગેરે દ્વારા પોલિસ જાગૃતિના કર્યક્રમો હાથ ધરવા.

(૭) 'હોક આઈ' પ્રોજેક્ટ હેઠળ ફેરીયા અને હાઈ-વે ધાબા ઉપર જનસંપર્ક વધારવો, જેથી ગુન્હાનું પ્રમાણ ઘટે.

(૮) પોલિસ લાઈનની મહિલાઓ માટે સખી મંડળની સ્થાપના કરવી.

(૯) વિધાર્થી/યુવાનો-ખાસ કરીને પરીક્ષા આપેલ હોય તેમનામાં કોઈ હતશા ન આવે તે માટે કાઉન્સેલીંગનું આયોજન.

(૧૦) પ્રજાએ "શું કરવુ" અને "શું ન કરવું"(Do's and Don'ts)તે અંગેની પત્રિકાઓ તૈયાર કરી વહેંચવી.

**આ ઉપરાંત શહેરી/અર્ધશહેરી વિસ્તારો માટે પોલિસ સ્ટેશન દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.**

(૧) ઉપર જણાવેલ તમામ પ્રવૃતિ

(૨) ભાડુઆત અને નોકરની વિગતો પોલીસ સ્ટેશનએ મેળવવાની છે, આ વિગતો જાહેર જનતાને સહેલાઈથી મળી શકે તે માટે આઈ.ટી.ની મદદ મેળવવી.

(૩) ફક્ત રાત્રે ખોલવામાં આવતા મકાનો, રાત્રે મોટેથી મ્યુઝિક વાગતા હોય તેવા મકાનો તથા દારૂ તથા અન્ય અસામાજીક પ્રવૃત્તિઓની વિગતો "હોક આઈ પ્રોજેક્ટ" દ્વારા અથવા પોલીસ મિત્રોની યોજના મારફત મેળવવી.

(એન.કે.મકવાણા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

---

# *SURAKSHA SETU SOCIETY*
# *(DISTRICT LEVEL)*

## Delegation of Powers

**Annexure 2/1**

| SR. No | NATURE OF POWER | EXECUTIVE COMMITTEE | CHAIRPERSON/ CHAIRMAN/ EC | MEMBER SECRETARY | REMARKS/JISTIFICATION |
|---|---|---|---|---|---|
| 1 | Revenue Expenditure:<br>(Not specified anywhere) | Full Powers up to Rs. 2(Two)Crore per year | Full Powers up to Rs. 1(One)crore per year | up to Rs. 5(Five)lacs per year | Subject to availability of funds and budget allocation. |
| 2 | To sanction, draw and disburse the payments : | ------- | Full Powers | Full Powers | As per approval of competent authority. |
| 3 | To appoint personnel, consultants, advisors and to take their services on contract/out sourcing basis or otherwise & fix their remuneration/ fee including perquisites, and finalize their terms & conditions | Full Powers, | Full Powers, Subject to financial limit of Rs. 5(Five)lacs per year/ per consultant | Full Powers not exceeding Rs. 50,000(Fifty Thousand) per year/ per consultant. | No personnel/ man power can be appointed on monthly remuneration/ fee basis.<br>The work/ services will be out sourced by identifying deliverables. |
| 4 | Investment of funds keeping with objectives of the Society: | ------ | Full Powers, for an amount more than Rs. 1(One)Crore, in GSFS only | Full Powers up to Rs.1(One)Crore, in GSFS only | Surplus to be deposited/invested with GSFS Ltd. only as per State Govt. directions. |

Under Secretary
Home Department
Government of Gujarat

# SURAKSHA SETU SOCIETY
# (DISTRICT LEVEL)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | To execute agreement, contracts and all other legal documents : | ------- | -------- | Full Powers | Contract should be approved by competent authority. |
| 6 | To take/ carry out all other administrative& executive function/ decision as may be required for attaining the objectives & functions of the Society | Full Powers up to Rs.2(Two)Crore per year | Full Powers up to Rs. 1(One)crore per year | up to Rs.5(Five)lacs per case | Subject to availability of funds and budget allocation. |
| 7 | To sub-delegate powers to any employees, consultants, advisors etc. | -------- | Full Powers, to be reported at next EC meeting | Full Powers, to be reported at next EC meeting | |
| 8 | To purchase of Stationery, printing, office equipments, furnitures etc., | Full powers | Full Powers, Subject to financial limit of Rs. 1(One) Lac per month | Subject to financial limit of Rs. 25,000(Twenty Five Thousand) per month. | |
| 9 | Repairs, maintenance & AMC | Full powers | Full power subject to Rs. 10(Ten)Lacs per year | Full Powers, Subject to financial limit of Rs. 2(Two)lacs per year. | |
| 10 | To hire consultancy firm/organization for various studies & surveys and finalize their terms & Conditions | Full Powers up to Rs. 10(Ten)lacs per study/survey | Full Powers up to Rs. 5(Five)lacs per study/survey | Full Powers up to Rs. 50,000(Fifty Thousand) per study/survey | Firm should be selected through open tender/ e-tender process for Study/ survey |



Secretary
Government of Gujarat

# SURAKSHA SETU SOCIETY
# (DISTRICT LEVEL)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 11 | To approve permanent advance & or Petty Cash advance | --------- | Full Powers | Full Powers up to Rs. 2,500/-(Two Thousand Five Hundred) as permanent advance & up to Rs. 20,000/-(Twenty Thousand) as Travelling/ other advance | |

*Notes:-*

- **The Governing Council will exercise full powers in all matters as per MOA/Rules of Society, subject to State Government directives and instructions.**
- **The powers hereinabove not mentioned shall be as per DOP Rules, 1988 issued by Finance Dept, Govt. of Gujarat as amended from time to time. Moreover, procedure and process should be followed as per State Government Rules till Purchase and procurement manual is finalised and approved by the State Government.**
- **The remarks of Finance / A/c division should be obtained in case of financial implications.**
- **The expenditure / payment to be made subject to overall budgetary provisions and after internal audit.**
- **All payments (except for Statutory/ Committed dues) should be preferably pre-audited.**
- **All payments should first be checked and certified by procurement in-charge and to be pre-checked by project management consultant / third party expert wherever possible.**
- **The question of interpretation or meaning of above powers will be referred to Chairman of the Governing Body.**
- **Budget has to be approved by the Governing Body of the Suraksha Setu Society (State Level) and all instructions and policy guidelines issued by Suraksha Setu Society (State level) must be followed.**

Under Secretary
Home Department
Government of Gujarat
Gandhinagar

# *SURAKSHA SETU SOCIETY*
# *(COMMISSIONERATE LEVEL)*

## Delegation of Powers

**Annexure 2/2**

| SR. No | NATURE OF POWER | EXECUTIVE COMMITTEE | CHAIRPERSON/ CHAIRMAN/ EC | MEMBER SECRETARY | REMARKS |
|---|---|---|---|---|---|
| 1 | Revenue Expenditure:<br><br>(Not specified anywhere) | Full Powers up to Rs. 2(Two)Crore per year | Full Powers up to Rs. 1(One)crore per year | up to Rs. 5(Five)lacs per year | Subject to availability of funds and budget allocation. |
| 2 | To sanction, draw and disburse the payments : | ------- | Full Powers | Full Powers | As per approval of competent authority. |
| 3 | To appoint personnel, consultants, advisors and to take their services on contract/out sourcing basis or otherwise & fix their remuneration/ fee including perquisites, and finalize their terms & conditions | Full Powers, | Full Powers, Subject to financial limit of Rs. 5(Five)lacs per year/ per consultant | Full Powers not exceeding Rs. 50,000(Fifty Thousand) per year/ per consultant. | No personnel/ man power can be appointed on monthly remuneration/ fee basis.<br><br>The work/ services will be out sourced by identifying deliverables. |
| 4 | Investment of funds keeping with objectives of the Society: | ------ | Full Powers, for an amount more than Rs. 1(One)Crore, in GSFS only | Full Powers up to Rs. 1(One)Crore, in GSFS only | Surplus to be deposited/ invested with GSFS Ltd. only as per State Government directions. |

Under Secretary
Government of Gujarat

*SURAKSHA SETU SOCIETY*
*(COMMISSIONERATE LEVEL)*

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | To execute agreement, contracts and all other legal documents : | ------- | ------- | Full Powers | Contract should be approved by competent authority. |
| 6 | To take/ carry out all other administrative& executive function/ decision as may be required for attaining the objectives & functions of the Society | Full Powers up to Rs. 2(Two)Crore per year | Full Powers up to Rs. 1(One)crore per year | up to Rs.5(Five)lacs per case | Subject to availability of funds and budget allocation. |
| 7 | To sub-delegate powers to any employees, consultants, advisors etc. : | -------- | Full Powers, to be reported at next EC meeting | Full Powers, to be reported at next EC meeting | |
| 8 | To purchase of Stationery, printing, office equipments furnitures etc., | Full powers | Full Powers, Subject to financial limit of Rs. 1(One) Lac per month | Subject to financial limit of Rs. 25,000(Twenty Five Thousand) per month. | |
| 9 | Repairs, maintenance & AMC | Full powers | Full power subject to Rs. 10(Ten)Lacs per year | Full Powers, Subject to financial limit of Rs. 2(Two)lacs per year. | |
| 10 | To hire consultancy firm/organization for various studies & surveys and finalize their terms & Conditions | Full Powers up to Rs. 10(Ten)lacs per study/survey | Full Powers up to Rs. 5(Five)lacs per study/survey | Full Powers up to Rs. 50,000(Fifty Thousand)per study/survey | Firm should be selected through open tender/ e-tender process for Study/ survey |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 11 | To approve permanent advance & or Petty Cash advance | --------- | Full Powers | Full Powers up to Rs. 2,500/-(Two Thousand Five Hundred) as permanent advance &up to Rs.20,000/-(Twenty Thousand) as Travelling/other advance | |

*Notes:-*

- **The Governing Council will exercise full powers in all matters as per MOA/Rules of Society, subject to State Government directives and instructions.**
- **The powers hereinabove not mentioned shall be as per DOP Rules, 1988 issued by Finance Dept, Govt. of Gujarat as amended from time to time. Moreover, procedure and process should be followed as per State Government Rules till Purchase and procurement manual is finalised and approved by the State Government.**
- **The remarks of Finance / A/c division should be obtained in case of financial implications.**
- **The expenditure / payment to be made subject to overall budgetary provisions and after internal audit.**
- **All payments(except for Statutory/ Committed dues) should be preferably pre-audited.**
  - **All payments should first be checked and certified by procurement in-charge and to be pre-checked by project management consultant / third party expert wherever possible.**
- **The question of interpretation or meaning of above powers will be referred to Chairman of the Governing Body.**
- **Budget has to be approved by the Governing Body of the Suraksha Setu Society (State Level) and all instructions and policy guidelines issued by Suraksha Setu Society (State level) must be followed.**